# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-01-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ અવકાશ ટેકનોલોજીમાં નવા માપદંડો સ્થાપિત કરી રહ્યો છે, જેમાં દૂરંદેશી વૈજ્ઞાનિકો અને નવીનતાઓ ભવિષ્યના પડકારોનો ઉકેલ લાવી રહ્યા છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમના 118મી કડીમાં રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ અવકાશ ક્ષેત્રમાં દેશની તાજેતરની સિદ્ધિઓની પ્રશંસા કરી.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭૫મા પ્રજાસત્તાક દિવસની અગાઉથી શુભેચ્છાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે આ વર્ષનો ઉત્સવ ખાસ છે કારણ કે આ વર્ષે બંધારણ અમલમાં આવ્યાના ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે.**

**(બાઈટ-પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી)**

**શ્રી મોદીએ બંધારણ ઘડવામાં યોગદાન આપનારા બંધારણ સભાના સભ્યોને યાદ કર્યા હતા.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યુ કે વિકાસના માર્ગ પર કામ કરતી વખતે દેશના વારસાને જાળવવા અને તેમાંથી પ્રેરણા લેવા પ્રયાસો કરવા જોઈએ.**

**ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ પર પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સમાનતા અને સંવાદિતાનો અસાધારણ સંગમ છે.**

---------------------------------------------------------------------------------

## ભારતીય વાયુસેના એર શો:

**ભારતીય વાયુસેનાની સુર્યકિરણ એરોબેટીક ટીમ દ્વારા કચ્છમાં બે સ્થળોએ એર શો યોજવામાં આવશે. 29મી જાન્યુઆરીએ પિંગ્લેશ્વર બીચના આકાશમાં સૂર્ય કિરણ વિમાનો હવાઇ**

કરતબ બતાવશે એજ રીતે 31 જાન્યુઆરી અને 1લી ફેબ્રુઆરીના ધોરડોના સફેદ રણમાં એર શો યોજવામાં આવશે.

આ એર શો ને લોકો માણી શકે તે માટે આ બંને સ્થળો ખાતે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પિંગ્લેશ્વર બીચ પર યોજાનાર એર શોની તૈયારીની સમીક્ષા માટે હવાઈ દળના અધિકારીઓ તેમજ નૌકા દળના અધિકારીઓએ જખૌ મરીન પોલીસ, નલિયા પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સહીત સ્થાનિક વહીવટીતંત્ર સાથે બેઠક યોજી હતી.

------------------------------------------------------------------------------------------

## સોલાર વિલેજ-:

ગુજરાતમાં સૂર્ય અને પવન આધારિત વીજ ઉત્પાદનમાં વધારો થયો છે. ગુજરાતના ગામડા પણ હવે સપૂર્ણ સૌર ઊર્જા આધારિત વીજ વપરાશ કરતાં થઇ રહ્યા છે. ત્યારે મુંદરા તાલુકાના ધ્રબ અને ભોપાવાંઢ  ગામ હવે સોલાર વિલેજ બનવા જઇ રહ્યા છે.

ગુજરાતના આ બન્ને ગામમાં વસતા પરિવારોને હવે વીજ બિલ ભરવું પડશે નહીં. કારણ કે આ બન્ને ગામમાં પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાથી સોલાર રૂફટોપ લગાડવામાં આવશે અને દરેક ઘર સોલાર પેનલ આધારિત વીજ ઉત્પાદન કરશે. ગુજરાત સરકાર અને અદાણી ફાઉન્ડેશ દ્વારા આ બન્ને ગામોને સોલાર વિલેજ બનાવવામા આવશે. ધ્રબ અને ભોપાવાંઢમાં 750 થી વધારે સોલર રૂફટોપ સિસ્ટમ લગાવામાં આવશે. જેનાથી 1000થી વધારે પરિવારોને લાભ મળશે.

------------------------------------------------------------------------------------------

## ગાંભણ પશુ ખાણદાણ સહાય:

કચ્છ જીલ્લામાં ગાભણ પશુ ખાણદાણ સહાય હેઠળ કુલ ૨,૦૪૯ લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી છે.

આ યોજનામાં ઘનિષ્ઠ પણુ સુધારણા અંતર્ગત પશુપાલકો પોતાના પશુધનને પૌષ્ટિક આહાર આપી શકે તે માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૨૬ રૂપિયા

૫૦ પૈસા પ્રતિકિલો દાણના ભાવ મંજૂર કરાયા હતા. કુલ ૧૫૦ કિલોગ્રામ દાણના જથ્થા માટે લાભાર્થી દીઠ ૩,૯૭૫ રૂપિયા ચુકવવામાં આવ્યા છે.

કચ્છમાં ચાલુ વર્ષે જનરલ કેટેગરીના પશુપાલકો ૮,૬૮૭ જયારે અનુસુચિત જાતિ કેટેગરીના ૭૪૪ મળીને કુલ ૯,૪૩૧ પશુપાલકોએ અરજી કરી હતી. જે પૈકી જનરલ કેટેગરીના ૧,૭૩૨ તેમજ અનુસુચિત જાતિ કેટેગરીના ૨૭૪ પશુપાલકોને સહાય આપવામાં આવી હતી. જયારે, દિવ્યાંગ પશુપાલકોને રાજ્ય કક્ષાએ ડ્રો કરીને અગાઉ સહાય આપવામાં આવી હતી.

---

## હવમાન:

પવનની દિશા બદલાતા જિલ્લામાં લોકોને ઠંડીમાં રાહત મળી છે. લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતા 1થી 6 ડિગ્રીનો વધારો થયો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન બે અંકોમાં પહોંચીને 10.5 ડિગ્રી સેલ્સિયસ નોધાયું હતું. જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ તાપમાન 13.2 ડિગ્રી અને કંડલામાં 15.5 ડિગ્રી નોંધાયું છે. નવેમ્બર માસના અંતિમ સપ્તાહથી ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો હતો, જેમાં હવે ઘટાડો નોંધાયો છે.

---